# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 15-10-2025** **Midday : 2.30 TO 2.35**
**Day : Wednesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

## સમાચારનાં અંતે

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતાં. આ સમાચાર નું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

.....................................

(ગોન્ગ)

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# CM VIKAS SAPTAH

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું , વિકાસ સપ્તાહ દરમિયાન જ્ઞાન એટલે કે , ગરીબ, યુવા, અન્નદાતા અને મહિલા સશક્તિકરણને વધુ મજબૂત કરવાનું કામ થયું છે. ગાંધીનગરમાં મહાત્મા મંદિર ખાતે રાજ્યકક્ષાના વિકાસ સપ્તાહ કાર્યક્રમ હેઠળ બે હજાર ૪૪5 કરોડ રૂપિયાથી વધુના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરતાં આજે શ્રી પટેલે આ વાત કહી. રાજ્યમાં વિકાસ સપ્તાહ દરમિયાન એક જ અઠવાડિયામાં પાંચ હજાર કરોડ રૂપિયાથી વધુના વિકાસકાર્યોની ભેટ મળી છે.

(BYTE: BHUPENDRA PATEL, CM)

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના વિકાસના સંકલ્પને લોકો સુધી પહોંચાડવા દર વર્ષે સાત-થી 15 ઑક્ટોબર વિકાસ સપ્તાહની ઉજવણી કરાય છે તેમ શ્રી પટેલે ઉમેર્યું. આ પ્રસંગે શ્રી પટેલે મિસાઈલમૅન તરીકે પ્રખ્યાત અને ભારતરત્ન પૂર્વ રાષ્ટ્રપતિ ડૉક્ટર APJ અબ્દુલ કલામજીને જન્મજયંતી નિમિત્તે તેમને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

. . . . . .

# NAVSARI VIKAS SAPTAH

નાણામંત્રી કનુ દેસાઈએ વિકાસ સપ્તાહ હેઠળ આજે નવસારીમાં 13 કરોડ રૂપિયાના વિકાસકાર્યોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યા. આ પ્રસંગે તેમણે કહ્યું, વાયબ્રન્ટ ગુજરાત , શાળા પ્રવેશોત્સવ , ગરીબ કલ્યાણ મેળા , સેવાસેતુ જેવા વિવિધ પ્રયાસ થકી ગુજરાત સમગ્ર ભારતના આદર્શ રાજ્ય તરીકે વિકસિત થયું છે. આ પ્રસંગે મહાનુભાવોના હસ્તે વિવિધ યોજનાના લાભાર્થીઓને સહાયનું વિતરણ તેમજ મહાનગરપાલિકાના સફાઈના વાહનોનું પ્રસ્થાન કરાવાયું.

. . . . . . . . . . .

# BOTAD VIKAS SAPTAH

બોટાદમાં સ્વામિનારાયણ ગુરુકુળ વિકાસ સપ્તાહની ઉજવણી નિમિત્તે  વિવિધ વિકાસ કાર્યોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરાયા. આ પ્રસંગે મહાનુભાવોના હસ્તે લાભાર્થીઓને  PM  સ્વનિધિ યોજના હેઠળ મળેલા ધિરાણની રકમના ચેકનું પણ વિતરણ કરાયું. જિલ્લા પંચાયતના પ્રમુખની અધ્યક્ષતામાં યોજાયેલા આ કાર્યક્રમમાં નગરપાલિકાના પ્રમુખ, તાલુકા પંચાયતના પ્રમુખ સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. આ અંગે જિલ્લા વિકાસ અધિકારી અક્ષય બુદાણિયાએ વધુ માહિતી આપી.

(BYTE: AKSHAY BUDANIYA, DDO)

. . . . . . . .

# UNJHA MARKET YARD

મહેસાણાનું ઊંઝા અને ઉનાવાનું માર્કેટ યાર્ડ દિવાળીના તહેવાર નિમિત્તે 18થી 26 તારીખ સુધી બંધ રહેશે. આ સમયગાળા દરમિયાન હરાજી સહિત તમામ કામકાજ બંધ રહેશે. 27 તારીખે શુભમુહૂર્તમાં માર્કેટયાર્ડમાં હરાજીની પ્રક્રિયા રાબેતા મુજબ શરૂ કરાશે.

. . . . . . . . . . . . . .

# MEHSANA KHARIF PAK

મહેસાણા જિલ્લામાં આ વર્ષે અંદાજે 2 લાખ ઓગણએંસી હજાર હેક્ટર જમીનમાં ખરીફ પાકના વાવેતરનો અંદાજ હતો . જોકે , તેની સામે જિલ્લામાં 2 લાખ 90 હજાર હેક્ટર જમીનમાં વાવેતર થતાં ગત પાંચ વર્ષનો વિક્રમ તૂટ્યો છે. જિલ્લામાં સૌથી વધુ 28 લાખ હેક્ટરમાં તેલિબિયાં પાકનું વાવેતર થયું છે.

. . . . . . . . .

# VAN VIBHAG KARYAVAHI

વલસાડની વન વિભાગની ટુકડીએ વન્યજીવોના રક્ષણ માટે કડક કાર્યવાહી કરી છે. સત્તાવાર યાદી મુજબ , વન વિભાગને વન્ય પ્રાણીઓના અવશેષની ગેરકાયદે હેરાફેરી અંગે માહિતી મળતાં સ્વતંત્ર પંચોની હાજરીમાં નવેરા ગામમાં એક વ્યક્તિના ઘરે દરોડા પાડ્યા હતા. દરમિયાન સંરક્ષિત પ્રાણીના અવશેષ મળી આવ્યા હતા.

વન વિભાગે પૂછપરછ કરતાં ત્રણ લોકોએ મળીને વન્યજીવ દીપડાનો ગેરકાયદે શિકાર કરી તેના ચામડાનું વેચાણ કરવાનો ગુનો કર્યો હોવાનું જણાયું છે. વન વિભાગે આ મામલે ગુનો નોંધી આરોપીઓ સામે કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે. વલસાડ અદાલતે પણ બંને મુખ્ય આરોપીની જામીન અરજી નામંજૂર કરી છે.

. . . . . .

# BIS AMDAVAD

ભારતીય માનક કાર્યાલય – BIS અમદાવાદ દ્વારા વિશ્વ માનક દિવસની ઉજવણી અંતર્ગત ગઈકાલે માનક મહોત્સવની ઉજવણી કરવામાં આવી. આ પ્રસંગે BIS અમદાવાદના સંયુક્ત નિયામક ઈશાન ત્રિવેદીએ IEC અને ISO દ્વારા અપાયેલા વિશ્વ માનક દિવસનો સંદેશ રજૂ કર્યો હતો.

સંયુક્ત રાષ્ટ્ર દ્વારા અપનાવાયેલા ટકાઉ વિકાસ લક્ષ્ય – SDGના અમલીકરણમાં BIS દ્વારા કરાયેલા વિવિધ પ્રયાસ અંગે જાગૃતિ લાવવાના હેતુસર એક મહિના સુધી ચાલતી ઉજવણીના ભાગરૂપે વિવિધ પ્રવૃત્તિઓ , જાગૃતિ કાર્યક્રમ પણ યોજાયા.

. . . . . . . . .